New
Edition

GYAN LIVE®

GYAN LIVE®

GPSC-CDPOના નવા અભ્યાસક્રમ અનુસારનું પુસ્તક

મુખ્યસેવિકા CDPO

સંપૂર્ણ માહિતી

નવો અભ્યાસક્રમ

GYAN LIVE®

- પૂર્વશાળા-કેળવણી
- બાળવિકાસ
- ICDS-WCD
- યોજનાઓ
- આહાર-પોષણ
- સામાન્ય વિજ્ઞાન
- સમાજશાસ્ત્ર
- અગત્યની સંસ્થાઓ

- મહિલા અને બાળ વિકાસ વિભાગની સંપૂર્ણ અપડેટ માહિતી સાથેનું પુસ્તક
- ફીલ્ડને લગતી તમામ માહિતી
- અગાઉની પરીક્ષાના પ્રશ્નો અને અગત્યના MCQનો સમાવેશ
- CDPO તરીકે પસંદ થયેલ અધિકારીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલું પુસ્તક

કોષ્ટક, આકૃતિ, ચાર્ટ દ્વારા વિશેષ સમજૂતિ

લેખક
અંજના મેડમ
Ex. CDPO | P.O.

સંપાદક
ચેતન પટેલ સર
Ex. Administrative Officer (GES)

પ્રસ્તાવના

ગુજરાતની માતૃશક્તિને અર્પણ !

આપનું, આપના માટેનું અને આપના માટે જ તૈયાર કરાયેલું, નવી તરાહનું, વર્તમાન પરીક્ષા પદ્ધતિ અને બ્લ્યુ પ્રિન્ટ મુજબનું, ઊંડાણપૂર્વકની સમજ આપતું આ પુસ્તક ભાવિ મુખ્યસેવિકા બહેનોને પરીક્ષાલક્ષી તૈયારી માટે વરદાનરૂપ સાબિત થશે. વર્તમાન MSW, હોમ સાયન્સ અને સોસિયોલોજીનો અભ્યાસ કરેલ બહેનોની માગણી અને લાગણીને ધ્યાને લઈ અથાગ મહેનતના પરિપાકરૂપે 'ગાગરમાં સાગર' સ્વરૂપે આ પુસ્તક આપના ઉજ્જવળ ભવિષ્ય અને કારકિર્દીનું સાક્ષી બની રહેશે. નંદઘરથી જ સંપૂર્ણ 'માનવ' ઘડતરનું કાર્ય શરૂ થાય છે. આપ મુખ્યસેવિકા । CDPO તરીકે ઉમદા અને પવિત્ર વ્યવસાય માટે તૈયારી કરો છો ત્યારે "બાલ દેવોભવ"નું પુષ્પ આપના ગુલદસ્તામાં ઉમેરાય અને અમારો ઉત્તમ આશય છે. કેટલાક લોકો ખૂબ વાંચે છે, પરંતુ ખૂબ વાંચવાની સાથેસાથે વિચારવું પણ એટલું જ જરૂરી છે, અને વાંચવું, વિચારવું અને વિકસવું એ આપણો ધર્મ છે.

DEMO COPY

વાંચ્યા પછી વિચારવું, વિચાર્યા પછી અર્થઘટન કરવું અને અર્થઘટન કર્યા પછી તેને ઉપયોગમાં લેવું - તે જ સાચી કારકિર્દી, ઘડતરનો પાયો છે. આપ શ્રી તૈયારી કરી રહ્યા છો, ત્યારે મુખ્યસેવિકા । CDPO પરીક્ષા પાસ કરવા માટેની આપની **"BURNING DESIRE"** ફળીભૂત થાય - એ આ પુસ્તકની રચના અને લેખન પાછળનો ઉમદા **GOAL** છે. આપ વહેલી તકે આ વ્યવસાયમાં જોડાઈ જાઓ એટલા માટે આપની મહેનતને તદ્દન સરળ બનાવવા માટે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં વર્તમાન પરીક્ષા પદ્ધતિમાં પૂછવામાં આવતાં જરૂરી તમામ પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બધાં જ પ્રકરણોને ખૂબ જ ચિવટથી સમજાવવામાં આવ્યાં છે, સાથેસાથે પરીક્ષાની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતા બહુવિકલ્પ પ્રશ્નો પણ **EXAM PATTERN** ને ધ્યાને રાખી **APPLIED QUESTIONS**ના **FORMAT** માં મૂકવામાં આવ્યા છે. અમને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આ સાહિત્ય આપની ઉજ્જવળ કારકિર્દી ઘડવા માટેનું પાથેય બની રહેશે. જય.હિદ, જય ભારત. જય જય ગરવી ગુજરાત.

અંજના જોશી
નિવૃત પ્રોગ્રામ ઓફિસર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
મુખ્યસેવિકા,C.D.P.O. અને P.O.નો કુલ 36
વર્ષનો અનુભવ

શ્રી ચેતનકુમાર એ. પટેલ
(પૂર્વ-વહીવટી અધિકારી, શિક્ષણ વિભાગ)
(શિક્ષણ-પ્રશિક્ષણ-લેખન-સંપાદનનો ૨૦ વર્ષનો અનુભવ)

અનુક્રમણિકા

CHAPTER 01 ICDS હેતુઓ, માળખું, કાર્યક્ષેત્ર, સેવાઓ 01

CHAPTER 02 ICDS - સંકલિત બાળવિકાસ સેવા યોજનાનો પરિચય 16

CHAPTER 03 ICDS - સંકલિત બાળવિકાસ સેવા યોજનાનું માળખું 19

CHAPTER 04 ICDS અંતર્ગત વિવિધ ઉજવણી 21

CHAPTER 05 ICDS સંકલિત બાળવિકાસ સેવા યોજના 28

CHAPTER 06 ગુજરાત રાજ્ય મહિલા આયોગ 43

CHAPTER 07 અગત્યના કાયદાઓ અને નીતિ 45

CHAPTER 08 સગર્ભા કિશોરી, બાળકોને લગતી સમસ્યાઓ 47

CHAPTER 09 બાળવિકાસ 56

CHAPTER 10 માનવ પ્રજનનતંત્ર 66

CHAPTER 11 માતા અને બાળક 70

CHAPTER 12 રસીકરણ 76

CHAPTER 13 કાર્બોદિત, ચરબી, પ્રોટીન, શકિત, પાણીની શરીર માટે જરૂરિયાત અને અભાવને કારણે ઉદ્ભવતી ખામી વિટામિન અને તેની ખામીથી થતાં રોગો. 89

CHAPTER 14 વિટામિન અને તેની ખામીથી થતાં રોગ 97

CHAPTER 15 ખનીજ તત્ત્વો અને તેની ઉણપથી થતાં રોગો 106

CHAPTER 16 પોષણ અને સ્વાસ્થ્ય 110

CHAPTER 17 બાળકોમાં પોષણ અને આરોગ્ય 210

CHAPTER 18 મુખ્યસેવિકાના ક્ષેત્રને લગતી બાબતો 234

CHAPTER 19 યોજનાઓ 258

CHAPTER 20 સામાન્ય વિજ્ઞાન 293

DEMO COPY

CHAPTER 21 — પંચાયતીરાજ — 311 - 407

01. પંચાયતીરાજ એટલે શું?
02. પંચાયતીરાજનો ઈતિહાસ
03. પંચાયતી રાજના મહત્ત્વના તબક્કા
04. ભારતમાં પંચાયતી રાજના વિકાસ માટે રચાયેલી વિવિધ સમિતિઓ
05. પંચાયતી રાજને બંધારણમાં સમાવવા માટેના પ્રયાસો અને બંધારણમાં સ્થાન
06. પેસા (PESA) એક્ટ-1996
07. ન્યાય પંચાયત અને ગ્રામ પંચાયત
08. ગ્રામ પંચાયત અને તેની સમિતિઓ
09. સમરસ ગ્રામપંચાયત
10. તાલુકા પંચાયત અને તેની સમિતિઓ
11. જિલ્લા પંચાયત અને તેની સમિતિઓ.
12. ઈ-ગ્રામ વિશ્વગ્રામ
13. પંચાયતી રાજની અગત્યની સંસ્થાઓ અને પંચાયતના મુખ્ય ડોદ્દેદારો/ અધિકારીઓ
14. શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને સંસ્થાઓની વ્યવસ્થાના પ્રકાર
15. નગર પંચાયત તથા નગરપાલિકા અને નગરપાલિકાની સમિતિઓ
16. મહાનગરપાલિકા અને તેને સમિતિઓ
17. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ શા માટે જરૂરી છે?
18. ગુજરાતમાં પંચાયતી રાજ

CHAPTER 22 — બાળ મનોવિજ્ઞાન — 408 - 508

01. બાલ્યાવસ્થામાં વૃદ્ધિ અને વિકાસ
02. ભારતમાં શિશુ સંભાળ અને કેળવણી
03. બાળકોનો સર્વાંગી વિકાસ અને પૂર્વપ્રાથમિક શિક્ષણ
04. શિક્ષણ પદ્ધતિઓ

CHAPTER 23 — મહત્ત્વના દિવસો — 509

CHAPTER 24 — ગુજરાત સરકાર બજેટ 2024-25 ની મુખ્ય બાબતો — 515

CHAPTER 25 — અગાઉની પરીક્ષામાં પુછાયેલ જગ્યાને લગતા પ્રશ્નો — 517

CHAPTER 26 — મુખ્યસેવિકા / CDPO મહત્ત્વના પ્રશ્નો (MCQ) — 519

CHAPTER 26 — અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો — 540

CHAPTER 27 — બાળકો/મહિલાઓ માટે કાર્ય કરતી સંસ્થાઓ અને અગત્યના કાયદાઓ — 613

CHAPTER 28 — પ્રકિર્ણ — 640

DEMO COPY

મુખ્યસેવિકા અભ્યાસક્રમ

➥ **મુજબ ફકત -૧ (એક) લેખિત પ્રશ્નપત્ર(હેતુલક્ષી) નીચે મુજબ રહેશે:-** **ગુણ - 150** **સમય :- 90 મિનીટ**

Cadre Name	Syllabus	Marks	Exam Medium	Duration
MukhyaSevika (Class III) મુખ્યસેવિકા (વર્ગ-૩)	General Awareness and General Knowledge*	35	GUJARATI	One and Half Hour (૯૦ મીનીટ) (90 Minutes)
	Gujarati Language and Grammar	20	GUJARATI	
	English Language and Grammar	20	ENGLISH	
	Questions assessing the requisite knowledge for the job and technical knowledge with regard to the educational qualification.	75	GUJARATI	
	TOTAL	150		

➥ **"General Awareness and General Knowledge" include questions related to**

01. **General Mental Ability and General Intelligence.**
02. **History of India and History of Gujarat.**
03. **Cultural heritage of India and Gujarat.**
04. **Geography of India and Geography of Gujarat**
05. **Sports.**
06. **Indian Polity and the Constitution of India.**
07. **Panchayati Raj.**
08. **Welfare schemes of Gujarat State and Union Government.**
09. **Indian Economy and Planning.**
10. **General Science, Environment and Information & Communication Technology.**
11. **Current affairs of Regional, National and International Importance.**

➥ **NOTE: The question papers shall be of objective type MCQs(multiple choice questions).**

DEMO COPY
GYAN LIVE

CDPO Syllabus

પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ પ્રશ્નપત્ર-૧ (Part-1) જા.ક- ૦૪/૨૦૨૨-૨૩, બાળવિકાસ યોજના અધિકારી (મહિલા), સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨	
માધ્યમ: ગુજરાતી	કુલ ગુણ : 100
1	ભારતની ભૂગોળ- ભૌગોલિક, આર્થિક, સામાજિક, કુદરતી સંસાધન અને વસ્તી અંગેની બાબતો- ગુજરાતના ખાસ સંદર્ભ સાથે
2	ભારતનો સાંસ્કૃતિક વારસો- સાહિત્ય, કલા, ધર્મ અને સ્થાપત્યો- ગુજરાતના ખાસ સંદર્ભ સાથે
3	ભારતનો ઇતિહાસ- ગુજરાતના ખાસ સંદર્ભ સાથે
4	ભારતની અર્થવ્યવસ્થા અને આયોજન
5	ભારતીય રાજનીતિ અને ભારતનું બંધારણ:
6	સામાન્ય બૌદ્ધિક ક્ષમતા કસોટી
7	સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ અને ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી
8	ખેલ જગત સહિત રોજબરોજના પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વના બનાવો

DEMO COPY

જા.ક્ર. ૦૪/૨૦૨૨-૨૩ બાળવિકાસ યોજના અધિકારી (મહિલા), વર્ગ-૨ ની પ્રાથમિક કસોટીના ભાગ-૦૨ નો અભ્યાસક્રમ

પ્રશ્નો-૨૦૦ ગુણ-૨૦૦ માધ્યમ-ગુજરાતી

1. પોષણ અને સ્વાસ્થ્ય
2. પોષક ઘટકો : કાર્બોદિત પદાર્થો, પાણી, પ્રોટીન અને ચરબી, વિટામિન-પ્રજીવકો, ખનીજક્ષારો
3. સંતુલિત આહારનું આયોજન, કુપોષણ- કારણો અને ઉપાયો, વિવિધ યોજનાઓ જેમ કે બાલભોગ, દૂધ સંજીવની યોજના વગેરે
4. પોષણના મુખ્ય કાર્યક્રમો : પોષક દ્રવ્યોની ઉણપના નિયંત્રણ માટેના કાર્યક્રમો, અપર્યાપ્ત પોષણજન્ય અંધત્વના નિવારણનો રાષ્ટ્રીય કાર્યક્રમ, અપોષણજન્ય પાંડુરોગના નિયંત્રણનો રાષ્ટ્રીય કાર્યક્રમ, આયોડીનનો રોગપ્રતિબંધ કાર્યક્રમ વગેરે, પૂરક આહાર આપવાના કાર્યક્રમો, સંકલિત બાળવિકાસ યોજના(આઇસીડીએસ), મધ્યાહન ભોજન યોજના(એમડીએમ)
5. આહાર આયોજનના સિદ્ધાંતો, ગર્ભવતી તથા સ્તનપાન કરાવતી મહિલાઓ માટે આહાર આયોજન, શિશુઓ તથા શાળાએ જતાં પહેલાંના બાળકો માટે આહાર આયોજન, સ્કૂલે જતાં તથા કિશોરાવસ્થાના બાળકો માટે આહાર આયોજન
6. ખાદ્ય પદાર્થોનો સંગ્રહ, જાળવણીના સિદ્ધાંતો અને રીતો તથા ઓછા મૂલ્યથી ખાદ્ય પદાર્થની પૌષ્ટિકતામાં વધારો, ભોજન સુરક્ષા, ખાદ્યપ્રદૂષણ, ખોરાકમાં બગાડ, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ વગેરે.
7. પોષણ સંબંધિત રોગો; પ્રોટીન, વિટામિન, આયોડીન વગેરેની ઊણપથી થતાં રોગો, કુપોષણ અને રોગનો ચેપ, મેદવૃદ્ધિથી થતાં રોગો, માતાનું કુપોષણ, સગર્ભાવસ્થાના જોખમી પરિબળો અને સ્વાસ્થ્ય સંભાળનું મહત્ત્વ
8. બાળસંભાળ કેંદ્રનું સંચાલન: ભારતમાં બાળસંભાળ સેવાઓ, અભ્યાસક્રમનું આયોજન, બાળસંભાળ કેંદ્રની સ્થાપના અને

સંચાલન, પરિવાર અને સમાજનો સમાવેશ

9. બાળકનો પ્રથમ બાર માસમાં વિકાસ: જન્મપૂર્વનો વિકાસ અને સંભાળ, શારિરીક ગતિ સંબંધ અને ઇંદ્રિય વિકાસ, જ્ઞાનાત્મક વિકાસ: વિચારનો ઉદભવ, ભાષા વિકાસ: બોલતા શીખવું, સામાજિક-આવેગિક વિકાસ, પ્રારંભિક સંબંધો, વિકાસને વેગ આપવા માટેની રમતની પ્રવૃત્તિઓ
10. બાળસંભાળ અને વિકાસ પ્રાસ્તાવિક: બાલ્યાવસ્થાના અનુભવો, બાળવિકાસની પાયાની (મૂળભૂત) સંકલ્પનાઓ, વિકાસના સિદ્ધાંતો, શિશુની જરૂરિયાતો અને હકો, વિકાસમાં રમતનું મહત્ત્વ
11. બાળક પા પા પગલી ભરવાની અવસ્થા દરમિયાન વિકાસ: શારિરીક અને ક્રિયાત્મક વિકાસ, વધતી જતી ગતિશીલતા અને નિયંત્રણ, સંખ્યાત્મક વિકાસ; માનસિક સંકલન અને પ્રતીકાત્મક વિચારશક્તિ તરફ, ભાષાકીય વિકાસ:શબ્દોથી વાક્યપ્રયોગ, સામાજિક-આવેગિક વિકાસ, વિકાસને વધારવા માટે રમતની પ્રવૃત્તિ
12. બાળક પૂર્વશાલેયઅવસ્થા દરમિયાન વિકાસ: શારિરીક સુદ્રઢતા અને ચેષ્ટાત્મક સમન્વયમાં વિકાસ, સંજ્ઞાત્મક યોગ્યતાઓ અને સંકલ્પનાઓની સમજનો વિકાસ, ભાષાકીય કૌશલ્યનો વિકાસ, સામાજિક સંબંધો અને બાળઉછેર
13. પૂર્વશાલેય બાળકો માટેની રમતપ્રવૃત્તિઓ: હલનચલન તથા ગતિશીલતાથી સંબંધિત પ્રવૃત્તિઓ, વાતાવરણમાં શોધખોળ પ્રવૃત્તિઓ, કેટલીક સંકલ્પનાઓનું શિક્ષણ, ભાષા વિકાસ, તરંગલીલા, વાર્તાકથન અને નાટકીય રમત, સંગીત તથા શારિરીક ક્રિયાકલાપ, બાળકોનું કલાજગત, બાળકોની સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવી
14. બાળકોની ટેવો અને લાક્ષણિકતાઓ, બાળવિકાસના વિવિધ પાસા (શારિરીક, ભાવનાત્મક, બૌદ્ધિક, સામાજિક અને નૈતિક)
15. બાળવિકાસમાં મુખ્ય સમસ્યાઓ, બાળકોમાં સામાન્ય રોગ, બાળરોગને રોકવાના ઉપાયો, બાળમૃત્યુના કારણો
16. સંકલિત બાળવિકાસ યોજના અંતર્ગત રસીકરણ, સ્વાસ્થ્ય પરીક્ષણ અને પરામર્શ સેવાઓ, પોષણ અને સ્વાસ્થ્ય પ્રશિક્ષણ, શાળા પૂર્વેનું અનોપચારિક શિક્ષણ, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓ, તે સંદર્ભેના આરોગ્ય કાર્યક્રમો, બાળ કલ્યાણ માટેની આરોગ્યની યોજનાઓ વગેરે
17. પૂર્વશાળાના (pre-school) વિવિધ સ્તર જેમાં બાળમંદિર(K.G.), મોન્ટેસરી, આંગણવાડી, ડે-કેર સેન્ટર, ઘોડિયાઘર, ગુજરાતમાં આંગણવાડીની ભૂમિકા અને તેનું વિવિધ યોજનાઓમાં યોગદાન
18. મહિલા અને બાળવિકાસની રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની યોજનાઓ અને પુરસ્કાર, ગુજરાત રાજ્યમાં મહિલા અને બાળવિકાસ માટેના કાર્યક્રમો
19. મુખ્ય રાષ્ટ્રીય ઘટનાઓ (વિશેષતા- બાળકો અને મહિલાઓના સંદર્ભમાં ઘટનાક્રમ)
20. મહિલા અને બાળવિકાસના સંદર્ભમાં કેન્દ્ર, રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે વિવિધ યોજનાઓના અમલીકરણ માટેનું વ્યવસ્થાતંત્ર
21. તરુણાવસ્થામાં આવતી બાલિકાઓની સમસ્યાઓ તેમજ તેમનાં વિવિધ પાસાં
22. ગુજરાતનાં બાળકોમાં આરોગ્ય, પોષણ, શિક્ષણ, દુર્બળતા અને બાલિકાઓની વર્તમાન સ્થિતિ

DEMO COPY
GYAN LIVE



01 ICDSના હેતુઓ, માળખું, કાર્યક્ષેત્ર અને સેવાઓ

પ્રસ્તાવના



» આપણા દેશને સ્વસ્થ સફળ બનાવવા માટે પાયાના વ્યક્તિ હોય તો તે છે માતા.. દીકરીઓ અને બાળકો. જો માતા દીકરીઓ અને બાળકો તંદુરસ્ત હોય તો એક સ્વસ્થ સમાજની પરિકલ્પના સાકાર થઈ શકે.

» આ એક એવી સાઈકલ છે કે, જો કોઈ કિશોરી તંદુરસ્ત હશે તો જ ભવિષ્યની એક તંદુરસ્ત માતા બનશે અને તંદુરસ્ત માતા જ તંદુરસ્ત બાળકને જન્મ આપી શકે અને આ તંદુરસ્ત બાળક આગળ જતાં એક તંદુરસ્ત કિશોર કે તંદુરસ્ત કિશોરી બની શકે.

આપણે જાણીએ કે...

→ અગાઉના વર્ષોમાં એટલે કે, 1975 પહેલાં માતા-બાળકને આરોગ્યની સેવાઓ અને પોષણની સેવાઓ અલગ અલગ વિભાગ દ્વારા અલગ જગ્યાએ આપવામાં આવતી હતી અને વળી ત્યારે બાળકોનાં પૂર્વપ્રાથમિક શિક્ષણ પર એટલો ભાર મુકાયો ન હતો માટે એક કમિટી મળી અને નક્કી કરવામાં આવ્યું કે, લાભાર્થી માતા, બાળકો અને કિશોરીઓને તમામ સેવા એક જ સ્થળ પરથી મળી રહે એ સ્થળનું નામ આપવામાં આવ્યું 'આંગણવાડી'.

શરુઆત :

→ પૂ. મહાત્મા ગાંધીજી અને સ્વ. વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી જન્મજયંતી 2જી ઓકટોબરના રોજ આપણા ગુજરાતમાં છોટાઉદેપુરના ગામ તેજગઢથી 2-10- 1975ના રોજ સંકલિત બાળવિકાસ સેવા યોજનાની શરૂઆત કરવામાં આવી.

→ તમામ સેવાઓનું સંકલન

→ આપણે જોઈ ગયા કે, માતા, બાળક, કિશોરીઓને તમામ સેવા એક જ જગ્યા પરથી મળે એવા સ્થળને આંગણવાડી નામ આપ્યું. I.C.D.S. યોજનાની શરૂઆત થઈ જે માટે I.C.D.S.યોજનાનાં હેતુઓ નક્કી કરવામાં આવ્યા. આ હેતુઓ સિદ્ધ કરવા માટે કઈ કઈ સેવાઓ જરૂરી છે તે નક્કી કરવામાં આવી અને I.C.D.S.યોજનામાં લાભાર્થીઓને કઈ સેવા આપવી તે નક્કી કરવામાં આવ્યું.

→ I.C.D.S. યોજના એ વિશ્વનો સૌથી મોટો કાર્યક્રમ છે. એટલે કે, "પ્રારંભિક બાળપણની કાળજી અને વિકાસ માટેનો' કાર્યક્રમ છે. ભારત સરકારનો આ ફ્લેગશીપ કાર્યક્રમ છે.

→ આમ, આપણે જોયું કે, I.C.D.S.ની યોજનામાં કઈ રીતે શરૂઆત કરવામાં આવી.

આપણી ગુજરાત સરકાર અને વિભાગો

→ આપણી ગુજરાત સરકાર દ્વારા કાર્યરત વિભાગો નીચે મુજબ છે.

1. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ
2. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
3. ઉદ્યોગ અને ખાણ વિભાગ
4. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
5. કાયદા વિભાગ
6. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
7. ગૃહ વિભાગ
8. નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
9. નાણાં વિભાગ
10. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
11. મહેસૂલ વિભાગ
12. માર્ગ અને મકાન વિભાગ
13. માહિતી અને પ્રસારણ વિભાગ
14. રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ
15. વન અને પર્યાવરણ વિભાગ
16. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

DEMO COPY
GYAN LIVE

02 I.C.D.S. (સંકલિત બાળવિકાસ સેવા યોજનાનો પરિચય)

- **પૂરું નામ : ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ સ્કીમ. (સંકલિત બાળવિકાસ સેવા યોજના)**
- **નોડલ મંત્રાલય : મહિલા અને બાળવિકાસ મંત્રાલય (કેન્દ્રીય સ્તરે)**

રાજ્ય સ્તરે :



» મહિલા અને બાળવિકાસ વિભાગ અંતર્ગત ICDS ની શાખા હોય છે. જેના દ્વારા નિયંત્રણ કરવામાં આવે છે.

» ગુજરાત રાજ્ય દ્વારા આંગણવાડીનાં માળખાને નિયંત્રિત અને નિયમિત કરવા એક ડેશબોર્ડ બનાવવામાં આવ્યું છે.

» આ સ્કીમમાં રાજ્ય સરકાર ભાગીદાર છે. 50% ફંડિગ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. આથી નિયમન રાજ્ય સરકાર કરે તે જરુરી છે.

શરુઆત :

"વિશ્વનો સૌથી મોટો 'પ્રારંભિક બાળપણની કાળજી અને વિકાસ માટેનો કાર્યક્રમ" છે. ભારત સરકારનો ફ્લેગશિપ કાર્યક્રમ છે.

» 2જી ઓક્ટોબર (ગાંધી જયંતી/ લાલ બહાદૂર શાસ્ત્રી જન્મ જયંતી) 1975ના રોજ ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા છોટાઉદેપુરના તેજગઢ ગામથી શરુઆત કરી હતી.

» બાળકોનાં સમગ્ર વિકાસને ધ્યાનમાં રાખી આ કાર્યક્રમ લાવવામાં આવ્યો છે. કુપોષણ ઘટે, માતા મૃત્યુ દર ઘટે અને સગર્ભાવસ્થા દરમિયાન માતા અને બાળકની પોષણ અને સ્વાસ્થ્ય બાબતે કાળજી લેવાય તેવા હેતુ સાથે લાવવામાં આવેલો છે.

સેવા :

» ICDS સ્કીમ અંતર્ગત 6 સેવાઓ મુખ્યત્વે પૂરી પાડવામાં આવે છે. જેને "six pillars of ICDS" કહેવામાં આવે છે. આ સેવાઓ આંગણવાડી દ્વારા પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત સ્વાસ્થ્ય વિભાગના કર્મચારીઓનો સહકાર પણ લેવામાં આવે છે.

1. પૂરક પોષણ
2. રોગ પ્રતીકારક રસી
3. રેફરલ (સંદર્ભ) સેવા
4. પૂર્વપ્રાથમિક શિક્ષણ
5. આરોગ્ય પોષાણ શિક્ષણ
6. આરોગ્ય તપાસ

સ્કીમના ઉદ્દેશ્ય :

→ 1. 0 થી 6 વર્ષનાં બાળકોની પોષણ અને સ્વાસ્થ્યની સ્થિતિમાં સુધાર લાવવો.

→ 2. બાળકોનાં માનસિક, શારિરીક અને સામાજિક વિકાસનો પાયો નાખવો.

→ 3. મૃત્યુદર, બીમારી, કુપોષણ, સ્કૂલ ડ્રોપ આઉટનું પ્રમાણ ઘટાડવું.

→ 4. બાળવિકાસને પ્રોત્સાહન આપવા અને સ્કીમના યોગ્ય અમલીકરણ માટે અન્ય વિભાગો સાથે સહકાર સાધવો.

→ 5. માતાની સક્ષમતામાં વૃદ્ધિ કરવી જેથી બાળકોનાં સ્વાસ્થ્ય અને પોષણ સંબંધી કાળજી લઈ શકે.



DEMO COPY
GYAN LIVE

03 I.C.D.S. (સંકલિત બાળવિકાસ સેવા યોજનાનું માળખું)



DEMO COPY

સેજો :

» અમુક આંગણવાડીનું કલસ્ટર બને છે જેને સેજો કહેવાય છે. એક સેજાના અધિકારી તરીકે મુખ્ય સેવિકા ફરજ બજાવતાં હોય છે.

» મુખ્યસેવિકા સેજા અંતર્ગતની આંગણવાડીનું સુપરવિઝન કરે છે અને CDPO (બાળવિકાસ અધિકારી)ને રિપોર્ટીંગ કરે છે.

» ઘટક :

» અમુક સેજા મળીને એક ઘટક બને છે, જેના અધિકારી CDPO (બાળવિકાસ અધિકારી) હોય છે.

» બાળવિકાસ અધિકારી સુપરવાઈઝરના નિયંત્રણ માટે અને ઘટક અંતર્ગતની આંગણવાડીની જરૂરીયાત માટે જવાબદાર હોય છે.

» તાલુકા પ્રમાણે એક અથવા બે કે બેથી વધુ ઘટક હોય છે.

જિલ્લા સ્તરે :

» જિલ્લા સ્તરે મુખ્ય અધિકારી પ્રોગ્રામ અધિકારી હોય છે.

» CDPO પ્રોગ્રામ અધિકારીને રિપોર્ટિંગ કરે છે.

» જિલ્લાની સમગ્ર આંગણવાડી પર નિયંત્રણ અને જવાબદારી પ્રોગ્રામ ઓફિસરની હોય છે.

ઝોન સ્તરે :

» ઝોન સ્તરે મોનિટરિંગ RDD (REGINONAL DISTRICT DIRECTOR)

» અમુક જિલ્લા મળીને ઝોન બને છે.

» આવી રીતે સંપૂર્ણ આંગણવાડીનાં માળખાનું નિયંત્રણ અને નિયમન કરવામાં આવે છે.

(4) વિશ્વ રસીકરણ સપ્તાહ

વર્ષ 2021ના વિશ્વ રસીકરણ સપ્તાહની થીમ
"VACCINES BRING US CLOSER"

WHO દ્વારા એપ્રિલ માસનાં છેલ્લા અઠવાડિયાંને વિશ્વ રસીકરણ સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે.

WHO: WORLD HEALTH ORGANIZATION

- વૈશ્વિક સ્તરે આરોગ્યની દેખભાળ કરે છે.
- UN ની એક એજન્સી છે.
- સ્થાપના : 7મી એપ્રિલ, 1948
- વડુ મથક : જિનીવા (સ્વિટઝર્લેન્ડ)
- વડા : ટ્રેડ્રોસ અધનમ (8મા)



રસીકરણ

નવજાત શિશુઓ, બાળકો, સગર્ભા સ્ત્રીઓ માટે રાષ્ટ્રીય રસીકરણ સમયપત્રક



ક્રમ	રસીનું નામ	કયારે આપવી	કયાં આપવી	કયા અંગમાં
1	ધનુરની રસી	સગર્ભાને વહેલી તકે	સ્નાયુમાં	હાથના બાવડા પર
2	ધનુરની રસી-2	ધનુર-1ના 4 અઠવાડિયાં પછી	સ્નાયુમાં	હાથના બાવડા પર
3	ધનુરની રસી બુસ્ટર	છેલ્લા 3 વર્ષમાં સગર્ભાવસ્થામાં ધનુરના 2 ડોઝ લીધા હોય તો જ આપવી.	સ્નાયુમાં	હાથના બાવડા પર

નવજાત શિશુ માટે				
1	**BCG**	જન્મ સમયે શકય તેટલું વહેલું	ચામડીના પ્રથમ પડમાં	ડાબા બાવડામાં
2	**ઝેરી કમળાની રસી**	જન્મ સમયે અથવા જન્મના 24 કલાકમાં	સ્નાયુમાં	જાંઘ પર વચ્ચે અને બહારની બાજુ
3	**પોલિયો 0**	જન્મ સમયે અથવા પ્રથમ 15 દિવસની અંદર	મોં વાટે	મોં વાટે
4	**પોલિયો 1, 2, 3**	6, 10, 14 અઠવાડિયાંમાં	મોં વાટે	મોં વાટે
5	**પોલિયો 3 IPV**	IPV 14 માં અઠવાડિયે	સ્નાયુમાં	જાંઘ પર વચ્ચે અને બહારની બાજુ
6	**પેન્ટાવેલન્ટ 1, 2, 3**	6, 10, 14 માં અઠવાડિયે	સ્નાયુમાં	જાંઘ પર વચ્ચે અને બહારની બાજુ
7	**ઓરી**	9 મહિના પૂરા થયા પછી 12 મહિના સુધી (જો 12 મહિના સુધી ન આપી હોય તો 5 વર્ષ સુધીમાં આપવી)	ચામડીની નીચે	જમણા બાવડામાં
8	**વિટામિન-1 પહેલો ડોઝ**	9 મહિના પછી ઓરીની સાથે	મોં વાટે	મોં વાટે

DEMO COPY

સગર્ભાની નોંધણી

- જ્યારે માતા પ્રેગનન્ટ થાય ત્યારે તેને પોતાની નોંધણી આંગણવાડી (નંદઘર) ખાતે નોંધવી જોઈએ.
- જેમાં સગર્ભાને મમતા કાર્ડ આપવામાં આવે છે.
- જ્યારે માતા પ્રેગ્નેન્ટ બને ત્યારે સમયસર TD ના 2 ઈન્જેક્શન લઈ લેવા જોઈએ.
- TDનું ઈન્જેક્શન ધનુર રોગ સામે રક્ષણ આપે છે.



પ્રસૂતિ સંભવિત તારીખ

- માતા જ્યારે પ્રેગ્નેન્ટ થાય છે. ત્યારે માતાનાં છેલ્લા માસિકના પહેલાં દિવસ ઉપરથી સંભવિત તારીખ નક્કી કરવામાં આવે છે.
- ગર્ભાધાનનો પ્રથમ દિવસ એ માસિકનો પ્રથમ દિવસ ગણાય છે.
- ઉદા. 15 – 9 – 2021 = છેલ્લા માસિકનો પ્રથમ દિવસ + 7 9
- 22 – 6 – 2022 (સંભવિત તારીખ કહેવી)
- છેલ્લું માસિકને LMP કહેવાય.
- સગર્ભાવસ્થાની યોગ્ય તપાસ
- માતાની યોગ્ય તપાસ ખૂબ જ જરૂરી છે. જેમાં વજન, ઊંચાઈ, પેટની ઊંચાઈ ખૂબ જ જરૂરી છે.
- માતાનું વજન 40 કિલોથી ઓછું ન હોવું જોઈએ જ્યારે 70 કિલોથી વધુ ન હોવું જોઈએ.
- વજન પ્રથમ 3 માસમાં વધવું જોઈએ.
- માતાની ઊંચાઈ 140 થી ઓછી હોય તો તે જોખમી સુવાવડ કહેવાય છે.
- ANC (એન્ટિનેટલ કેર)
- સગર્ભાનું રજિસ્ટ્રેશન – 12 અઠવાડિયાં પહેલાં ફરજિયાત

- **LMPનું પૂરું નામ :** લાસ્ટ મેન્સ્ટ્યુરલ પિરિયડ
- જ્યારે સંભવિત તારીખ હોય તેને EDD કહેવાય.
- **EDD નું પૂરું નામ :** એસ્ટિમેટેડ ડેટ ઓફ ડિલિવરી

ANC ની કુલ 4 તપાસ થવી જોઈએ.

- ANC = 12 વીક (1 થી 91 દિવસ)
- ANC = 14 થી 26 વીકની વચ્ચે (92 થી 189 દિવસ)
- ANC = 28 થી 34 વીકની વચ્ચે (190 થી 245 દિવસ)
- ANC = 36 વીકથી ડિલિવરીની વચ્ચે (246 થી ડિલિવરી સુધી)

PNC (ધાત્રી માતા)ની કુલ મુલાકાત 4 થવી જોઈએ.

પ્રથમ મુલાકાત	-	0-2 દિવસ
બીજી મુલાકાત	-	3-6 દિવસ
ત્રીજી મુલાકાત	-	7 દિવસે
ચોથી મુલાકાત	-	6 અઠવાડિયે

ટ્રાઈમાસ્ટર

- માતાનાં સગર્ભાવસ્થા દરમિયાન કુલ 3 ટ્રાઈમાસ્ટર હોય છે.

TRIMESTER	WEEK
one	1 - 4
two	5 - 8
three	9 - 13
four	14 - 17
five	18 - 22
six	23 - 27
seven	28 - 31
eight	32 - 35
nine	36 - 40

- **પ્રથમ ટ્રાઈમાસ્ટર** 1 થી 3 મહિના
- **બીજું ટ્રાઈમાસ્ટર** 4 થી 6 મહિના
- **ત્રીજું ટ્રાઈમાસ્ટર** 7 થી 9 મહિના

તપાસનો પ્રકાર

તપાસનો પ્રકાર	હેતુ	આદર્શ સ્થિતિ
લોહીની તપાસ	પાંડુરોગ છે કે નહી તે જાણવા	હિમોગ્લોબીન 12 ગ્રામથી ઓછું ન હોવું જોઈએ
પેશાબની તપાસ	ડાયાબિટીસ છે ? મો, પગ પર સોજાનું કારણ તપાસવા	પેશાબમાં સુગર જવી ન જોઈએ. પેશાબમાં આલ્બ્યુમીન જવું ન જોઈએ.
લોહીનું દબાણ	ગર્ભના વિકાસ પર પ્રતીકુળ અસર થતી હોય તો તેનું કારણ જાણવા માટે	લોહીનું દબાણ નોર્મલ હોવું જોઈએ.

DEMO COPY



12 રસીકરણ



રસીકરણ શબ્દનો ઉપયોગ સૌ પ્રથમ એડવર્ડ જેનર

- શરીરમાં ચોક્કસ રોગ સામે લડવાની રોગપ્રતીકારક ક્ષમતા ઉત્પન્ન કરે છે.
- રસીકરણમાં બેક્ટેરિયા કે વાઇરસની રોગ પેદા કરવાની ક્ષમતા ઘટાડીને શરીરમાં દાખલ કરવામાં આવે છે.
- શરીર તેની સામે જરૂરી એન્ટીબોડી બનાવી દે છે.
- જેથી કરીને ભવિષ્યમાં જ્યારે પણ બેક્ટેરિયા કે વાઇરસ શરીરમાં દાખલ થાય ત્યારે આ એન્ટીબોડી રોગ સામે રક્ષણ આપે છે.



રસીના પ્રકાર

1. જીવંત (Live Vaccine)

- બેક્ટેરિયા/વાઇરસની રોગ પેદા કરવાની તાકાત/ક્ષમતા ઘટાડી દેવામાં આવે છે.

2. મૃત (Killed Vaccine)

- ગરમી, કેમિકલ અથવા રેડીયેશન દ્વારા રોગકારક બેક્ટેરિયા, વાઇરસને મૃત બનાવવામાં આવે છે. પછી પ્રીઝર્વેટીવ સાથે તેને શરીરમાં દાખલ કરવામાં આવે છે.

3. Toxoid (મિક્સ રસી)

- બેક્ટેરિયા દ્વારા ઉત્પન્ન કરવામાં આવતાં ઝેરી દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

DEMO COPY
GYAN LIVE

	Live Vaccine
B	BCG
O	OPV
Y	Yellow Fever
C	Chicken Pox
R	Rota Virus
I	Influenza
M	MMR
E	Epidemic Typhus

	Killed Vaccine
JAPAN	Japanese Encephalitis
Ki	Killed Polio
KHIR – K	Kyasanur Forest Disease
- H	Hepatitis – B
- I	Influenza killed
- R	Rabies
OR	
R	Rabies
I	IPV
P2	Pertussis, Plague

	Live Vaccine
Tt	Tetanus toxoid
Td	Tetanus diphtheria

રસી આપવાની પદ્ધતિ

Intra Muscular – સ્નાયુમાં (90°)



Subcutaneous – ચામડીની નીચે (45°)



Intra dermal – ચામડીના પ્રથમ પડમાં (15°)



15 ખનિજ તત્ત્વો અને તેની ઊણપથી થતાં રોગો

» શારિરીક વૃદ્ધિ અને સ્વાસ્થ્યની જાળવણી માટે જરુરી અકાર્બનિક તત્ત્વો છે, ક્ષાર રુપે અસ્તિત્ત્વ ધરાવે છે. કાર્બનિક પદાર્થરૂપે પણ હોય છે.
» વનસ્પતિ તેમજ પ્રાણીજ પેશીને બાળતા ખનિજ રાખ રુપે પ્રાપ્ત થાય છે.
» શરીરનાં કુલ વજનના 3 થી 4% ખનીજ તત્ત્વો રહેલા છે.
» શરીરમાં 24 ખનિજ હોય છે.
» સૌથી વધુ ખનિજ હાડકાં તેમજ દાંતમાં જોવા મળે છે.
» ચેતા, રક્ત, સ્નાયુ, દેહજળમાં પણ ખનિજ હોય છે.

(1) મુખ્ય ખનિજ અથવા મેક્રો મિનરલ્સ
» દૈનિક જરુરીયાત 100 મિલિ ગ્રામ જેટલી છે.
» કેલ્શિયમ, ફોસ્ફરસ, સોડિયમ, ફ્લોરિન, પોટેશિયમ.

(2) માઈનોર મિનરલ્સ:
» મિલિ ગ્રામમાં જરુરીયાત.
» લોહતત્ત્વ, સલ્ફર, મેગ્નેશિયમ.

(3) ટ્રેસ એલિમેન્ટસ (માઈક્રોમીનરલ્સ):
» થોડા માઈક્રોગ્રામમાં જરુરીયાત.
» આયોડિન, ફ્લોરિન, ઝિંક

કેલ્શિયમ

સંજ્ઞા : Ca
» વિવિધ શારિરીક ક્રિયા માટે જરુરી.
» પુખ્તવયની વ્યક્તિ શરીરમાં 1200 ગ્રામ જેટલું કેલ્શિયમ હોય છે
» 99% ક્ષાર રુપે હાડકાં અને દાંતમાં.
» હાડકાં અને દાંતને સખ્તાઈ આપે છે.
» 1% કેલ્શિયમ શરીરમાં બાહ્યકોષિય તેમજ આંતરકોષીય પ્રવાહીમાં વહેંચાયેલું હોય છે.

કાર્ય:
» વિવિધ ઉત્સેચકોને સક્રિય કરે.
» દાંત અને હાડકાંના બંધારણ માટે.
» ઊર્મિ વેગ વહન માટે જરુરી એસિટાઈલ કોલીનના સંશ્લેષણ માટે કેલ્શિયમ જરુરી છે.
» કોષરસ પટલની પારગમ્યતા વધારી અવશોષણમાં વધારો કરે છે.
» નાનાં આંતરડામાંથી થતાં વિટામિન બી12ના શોષણમાં મદદ કરે છે.
» સ્નાયુનું સંકોચન તેમજ હાર્ટબીટનું નિયમન કરે છે.
» રક્ત ગંઠાવવાની ક્રિયામાં ઉદ્દીપકનું કાર્ય કરે છે.

કેલ્શિયમની ઊણપ:

સુકતાન
» અધૂરા માસે જન્મેલાં બાળકોમાં વિટામિન-ડી તેમજ કેલ્શિયમની ખામીથી સુક્તાન વધારે જોવા મળે છે.
» કબૂતર જેવી છાતી, પાંસળીમાં સોજો, મોંટુ પેટ, બોક્સ જેવાં માથાનો આકાર સુક્તાનના લક્ષણ છે.
» ઓસ્ટિયોમલેશિયા (પુખ્ત લોકોમાં સુક્તાન) :
» સગર્ભા માતા વિટામિન-બી12 ઓછું લે તો થઈ શકે છે.
» કિડનીના દર્દીઓમાં
» હાડકાં નરમ બને છે, ફ્રેકચરની સંભાવના વધે છે.

ઓસ્ટિયોપોરોસીસ:
» કેલ્શિયમનું હાડકાંમાંથી ધોવાણ થાય છે.
» હાડકાં બરડ બને તેમજ તૂટે છે.

DEMO COPY
GYAN LIVE



પ્રોટીનના મહત્ત્વના સ્રોત

સમૃદ્ધ સ્રોત » માંસ, માછલી, યકૃત, ઈંડા, ફૂલ ફેટ મિલ્ક પાવડર, ફેટ રહિત મિલ્ક પાવડર, ચીઝ, (સૂકા કઠોળ, સૂકા મેવા અને તેલીબિયાં, સોયાબીન)



સારા સ્રોત » અનાજ અને મીલેટ, લીલા કઠોળ (લીલા વટાણા)



સામાન્ય સ્રોત » બટાકા, લીલાં પાનવાળાં શાકભાજી



પ્રોટીનનાં અપ્રચલિત પ્રાપ્તિસ્થાનો વિષે શું તમે જાણો છો?

» **1. ફીશ પ્રોટીન કોન્સન્ટ્રેટ :** ટ્રેશ માછલી અખાદ્ય ગણાય છે. આ માછલીની સૌર્ય સૂકવણી કરી તેમાંથી બનતા પાવડરનો ઉપયોગ પશુઆહાર અને ખાતર તરીકે કરાય છે. પ્રોટીનમાં સમૃદ્ધ હોવાથી તેમાંથી ક્રીમીશ પડતો સફેદ પાવડર (લોટ) બનાવવાની રીત વિકસાવાઈ છે. આ લોટ ગંધરહિત બનાવેલો હોવાથી માનવ આહાર તરીકે ઉપયોગી થવાની શક્યતાઓ છે.

» **2. સિંગલ સેલ પ્રોટીન (SCP) :** પ્રોટીનના નવા મેળવાયેલાં સ્રોતમાં એક કોષીય પ્રોટીનના સ્રોતનો સમાવેશ થાય છે જેમાં યીસ્ટ, ફૂગ, આલ્ગી અને બેકટેરિયા મુખ્ય છે. જો કે આ ક્ષેત્રમાં થયેલાં નવાં સંશોધન અને વિકાસ હાલમાં પ્રયોગશાળા પૂરતાં જ સીમિત છે.





» **3. લીફ પ્રોટીન :** કૂમળા પાનનો માવો કરી પ્રોટીનયુક્ત પ્રવાહી ગાળણ અથવા સેન્ટ્રિફ્યુગેશન દ્વારા છૂટું પાડવામાં આવે છે. આ પ્રવાહીને ગરમ કરવાથી પ્રોટીનમાં સમૃદ્ધ પ્રવાહી મળે છે જેને સૂકવવાથી પ્રોટીન કોન્સન્ટ્રેટ તૈયાર થાય છે.

» પાનમાંથી અર્ક (પ્રવાહી) મેળવવાની પ્રક્રિયા ગ્રામ્ય સ્તરે પણ થઈ શકે છે. આપણા દેશમાં આ ક્ષેત્ર હજી વિકાસના તબક્કામાં છે. તેના દ્વારા કોઈ કોમર્શિયલ ઉત્પાદનો મળેલાં નથી.

DEMO COPY
GYAN LIVE

પ્રોટીનની સૂચિત દૈનિક જરૂરિયાત

જૂથ		વજન (કિ.ગ્રા.)	પ્રોટીન (ગ્રામ/દિવસ)	જૂથ (કિ.ગ્રા.)		વજન (ગ્રામ/દિવસ)	પ્રોટીન
પુરુષ:	હળવી પ્રવૃત્તિ	60	60	બાળક	(1-3 વર્ષ)	12.2	22
	સાધારણ પ્રવૃત્તિ	60	60		(4-6 વર્ષ)	19.0	30
	વધુ પ્રવૃત્તિ	60	60		(7-9 વર્ષ)	26.9	41
સ્ત્રી	હળવી પ્રવૃત્તિ	50	50	છોકરો	10-12 વર્ષ	35.4	54
	સાધારણ પ્રવૃત્તિ	50	50	છોકરી	10-12 વર્ષ	31.5	57
	વધુ પ્રવૃત્તિ	50	50	છોકરો	13-15 વર્ષ	47.8	70

ખાદ્ય બંધારણ અને પોષક ઘટકો

પોષક ઘટકો



1. અનાજ અને કઠોળ
2. માંસ અને મચ્છી
3. ફળ
4. ઈંડા
5. શાકભાજી
6. ખાંડ
7. દૂધ અને દૂધની બનાવટો
8. ચરબી અને તેલ
9. સૂકા મેવા અને તેલીબિયાં
10. તેજાના અને મસાલા

» સ્વસ્થ જીવન માટે મનુષ્યને જુદાં જુદાં પોષકતત્ત્વોની જરૂર રહે છે. આ પોષકતત્ત્વો મનુષ્ય તેના રોજિંદા આહાર દ્વારા પ્રાપ્ત કરે છે. લેવામાં આવતાં ખાદ્યોના પ્રકાર અને ગુણવત્તાનો આધાર વ્યક્તિના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો પર રહે છે. આહારમાં લેવાતા ખાદ્યોમાં વિવિધ પોષકતત્ત્વો હોય છે. જુદાં જુદાં ખાદ્યો એક અથવા વધુ પોષકતત્ત્વોના મહત્ત્વના સ્રોત હોય છે. કોઈ એક ખાદ્ય બધા જરૂરી પોષકતત્ત્વો ધરાવતું નથી. આથી સમતોલ આહાર માટે વ્યક્તિએ જુદાં જુદાં ખાદ્યો લેવા જોઈએ. આહાર દ્વારા નીચેની જરૂરિયાતો સંતોષાવી જોઈએ-તે પોષક હોવો જોઈએ, સ્વાસ્થ્ય પ્રદાન કરનાર તથા બિમારી સામે રક્ષણ આપનાર હોવો જોઈએ.

» સ્રોતને આધારે અથવા તો પોષકતત્ત્વોની સમાનતાના આધારે ખાદ્યોનો વિવિધ જૂથમાં વહેંચેલા છે. જેવાં કે અનાજ, કઠોળ, ફળ, શાકભાજી, દૂધ અને દૂધની બનાવટ, સૂકા મેવા અને તેલીબિયાં, માંસ અને મચ્છી, ઈંડા, ખાંડ, ચરબી અને તેલ તથા તેજાના અને મસાલા.

DEMO COPY

1. અનાજ અને કઠોળ

ફાયદા

» શક્તિથી ભરપૂર સ્રોત
» કિંમતમાં સસ્તા
» વધુ રેસા
» B જૂથના વિટામિન અને ખનીજતત્ત્વોના સારા સ્રોત
» ઓછી ચરબી
» કઠોળ પ્રોટીનના ઉત્તમ પૂરક પ્રોટીન બનતા વિવિધ એસેન્સની બનાવટમાં સ્ટિપિંગનો ઉપયોગ થાય છે.



- **સેન્ટ્રયુગેશન :** પ્રવાહીમાં રહેલા વિવિધ ઘનતા ધરાવતાં કણોને છૂટા પાડવાની ક્રિયાને સેન્ટ્રિફ્યુગેશન કહેવાય છે. આ માટે તેજ ગતિથી ગોળ ફરતા સાધન જેવાં કે વલોણું, ઈલેક્ટ્રિક મિક્સરની બ્લેડ વગેરેનો ઉપયોગ થાય છે. સેન્ટ્રિફ્યુગેશનની ક્રિયાથી દૂધમાં રહેલી મલાઈ કે છાશમાંથી માખણ અલગ કરી શકાય છે. લેબોરેટરીમાં સેન્ટ્રિફ્યુજ નામના સાધન વડે સેન્ટ્રિફ્યુગેશન કરવામાં આવે છે.
- **ઈમલ્સિફીકેશન :** બે અદ્રાવ્ય પ્રવાહીનું પ્રસરણ બનાવવાની ક્રિયા એટલે ઈમલ્સિફિકેશન (પાયસીકરણ). પ્રસરણ બનાવવા માટે અદ્રાવ્ય પ્રવાહીમાં ત્રીજો પદાર્થ ઉમેરવામાં આવે છે. દા.ત. મેયોનેઝની બનાવટમાં સલાડ ઓઈલ તેમજ વિનેગરનું પ્રસરણ બનાવવા માટે ઈંડાની જરદી ઉમેરવામાં આવે છે. ઈંડાની જરદી પ્રસરણને સ્થાયી કરે છે એટલે કે તે બે અદ્રાવ્ય પ્રવાહીને બે સ્તરમાં છૂટા પડતાં અટકાવે છે.
- **હોમોજિનાઈઝેશન :** પદાર્થમાં રહેલા મોટાં કણને નાનાં કણમાં વિભાજિત કરવા તેને ઊંચા દબાણે નાનાં છીદ્રોવાળી જાળીમાંથી પસાર કરવામાં આવે છે. હોમોજીનાઈઝેશનથી ચરબીનું વિભાજન નાનાં કણમાં થાય છે જેથી કણની સંખ્યામાં વધારો થાય છે. હોમોજીનાઈઝ કરેલા દૂધને ગરમ કરતાં તેમાં પર મલાઈ થતી નથી.

તમાલપત્ર



» તમાલપત્રના સૂકાં પાન આહારને સોડમ આપે છે. રસાદાર શાક, પુલાવ, કઢી વગેરેમાં તેનો ઉપયોગ થાય છે.

જીરું

» રસાદાર શાકમાં તેમજ ગરમ મસાલા બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. સલાડ અને શાકભાજીને સ્વાદિષ્ટ બનાવવા પણ તેનો ઉપયોગ થાય છે. જીરાને શેકી, તેનો ભૂકો કરી તેનો ઉપયોગ દહીંની બનાવટોમાં સોડમ લાવવા માટે થાય છે. જીરામાં પ્રોટીન, રેસા, કૅલ્શિયમ, ફોસ્ફરસ, લોહતત્ત્વ અને કેરોટીન સારા પ્રમાણમાં હોય છે. તે વાયુનિઃસારક છે.



જાયફળ અને જાવંત્રી



» તેની થોડી માત્રામાં ઉપયોગ કરવામાં આવે તો પણ તે આહારને સુગંધિત બનાવે છે. જાયફળમાં પ્રોટીન, રેસા, કૅલ્શિયમ અને ફોસ્ફરસ સારું છે. જાવંત્રીમાં કૅલ્શિયમ, ફોસ્ફરસ અને કેરોટીન સારું છે.

» જાયફળ અને જાવંત્રીનો વધુ ઉપયોગ ન કરવો કારણ કે તે જલદ છે. તેના અતિરેકથી ઝેરી અસર થાય છે. તેમાં રહેલ માઇરીસ્ટીસીનથી ચિત્તભ્રમ અને ઘેનની અસર જોવા મળે છે. યોગ્ય માત્રામાં લેવાથી ઊબકા-ઊલટી, વાયુ તથા અતિસારની તકલીફોમાં ફાયદો કરે છે.

રાઈ

» રાઈના દાણા ખૂબ તમતમતા હોય છે પણ જો તેને ચરબી અથવા તેલમાં નાખી ફૂટી જવા દઈએ તો તેનો તમતમાટ નાશ પામે છે. દાળ અને સાંભરમાં રાઈનો વઘાર કરવામાં આવે છે. રાઈના બીમાંથી તેલ પણ કાઢવામાં આવે છે. રાઈને ખાંડીને તૈયાર કરવામાં આવતાં ભૂકાનો ઉપયોગ અથાણાં બનાવવામાં થાય છે, જેમાં તે પરિરક્ષક તરીકે કામ કરે છે.



» રાઈમાં પ્રોટીન, રેસા, કૅલ્શિયમ અને ફોસ્ફરસનું પ્રમાણ સારું હોય છે.

» કચરેલી રાઈના દાણા ગરમ પાણીમાં નાખી તેમાં પગ બોળી રાખવાથી ફ્લુ તથા માથાનો દુખાવો મટે છે.

મેથી



» મેથીના પાંદડાનો ઉપયોગ ભાજી બનાવવામાં જ્યારે બીનો ઉપયોગ મસાલા તરીકે અને અથાણામાં થાય છે. તેમાં પ્રોટીન, કૅલ્શિયમ, ફોસ્ફરસ તથા લોહતત્ત્વ સારા પ્રમાણમાં હોય છે. તેનાથી પાચનક્રિયા સારી થાય છે. મરડાની સારવારમાં મેથી અને છાશ અપાય છે. તે રક્તશર્કરાનું પ્રમાણ જાળવવામાં મદદ કરે છે.

તજ

» પુલાવ તથા રસાદાર વાનગીઓમાં સોડમ લાવવા તેનો ઉપયોગ થાય છે. તેમાંથી ગરમ મસાલા બને છે. તે જલદ હોય છે એટલે તેનો વધારે પડતો ઉપયોગ ન કરવો જોઈએ.

» અપચો, વાયુ તથા અતિસારની સારવારમાં તે ઉપયોગી છે. તે નાકને બાઝી જતું અટકાવે છે.



DEMO COPY
GYAN LIVE



17 બાળકોમાં પોષણ અને આરોગ્ય

પ્રસ્તાવના



બાળકના આરોગ્ય પર તેનાં ખોરાકની અસર ખૂબ થાય છે. સ્વાસ્થ્યપ્રદ ખોરાક કોને કહીશું? સમતોલ આહાર એટલે શું? વગેરે જેવાં પ્રશ્નોના જવાબો પ્રસ્તુત પ્રકરણમાંથી પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત આહારના કોઈ ઘટકની ખામીથી શરીરમાં થતી મુશ્કેલી વિશે પણ આ પ્રકરણમાં ચર્ચા કરેલ છે.

આરોગ્યની વ્યાખ્યા અને તેની લાક્ષણિકતાઓ

→ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO World Health Organization) એ આપેલ આરોગ્યની વ્યાખ્યા આ મુજબ છે.

> **"વ્યક્તિને કોઈ બિમારી કે રોગ ન હોય તે જ માત્ર સારું આરોગ્ય નથી પરંતુ વ્યક્તિનું શારિરીક, માનસિક અને સામાજિક રીતે સ્વસ્થ હોવું એટલે સારું આરોગ્ય."**

→ આમ વ્યક્તિની શારિરીક, માનસિક અને સામાજિક સુખાકારી એટલે આરોગ્ય. આપણે ત્યાં આરોગ્યના મુખ્ય બે પાસાની વિશેષ ચર્ચા કરવામાં આવે છે.

→ શારિરીક આરોગ્ય અને માનસિક આરોગ્ય.

શારિરીક આરોગ્ય	માનસિક આરોગ્ય
→ વ્યક્તિ ઉત્તમ રીતે શારિરીક કાર્યો કરી શકતો હોય તો તેનું શારિરીક આરોગ્ય સારું છે એમ કહેવાય.	→ વ્યક્તિના શારિરીક આરોગ્ય જેટલું જ મહત્ત્વ તેનાં માનસિક આરોગ્યનું પણ છે. વ્યક્તિ સાંવેગિક, સામાજિક અને માનસિક સ્વસ્થતાં અનુભવતો હોય તો તેનું માનસિક આરોગ્ય સારું છે એમ કહેવાય. શાંતિ, સલામતી, આનંદપ્રદ જીવન, સમસ્યામાંથી ઝડપથી બહાર આવી શકવું વગેરે બાબતો સારા માનસિક આરોગ્યની લાક્ષણિકતાઓ છે.
→ સારા શારિરીક આરોગ્ય માટે શારિરીક સજ્જતા જાળવી રાખવી જરૂરી છે.	→ WHO એ આરોગ્ય પર અસર કરતાં પરિબળો નીચે મુજબ કહ્યાં છે.
→ સમતોલ આહાર, કસરત, પૂરતો આરામ, રોગોનું ઝડપી નિદાન અને સારવાર, આરોગ્ય લક્ષી સારી ટેવો વગેરે સારું આરોગ્ય જાળવવામાં મદદરૂપ બને છે.	• વ્યક્તિનું આસપાસનું પર્યાવરણ • તે ક્યાં રહે છે ? (રહેઠાણ) • વારસો • આવક • ખોરાક • શૈક્ષણિક સ્તર (અભ્યાસ) • કુટુંબ અને મિત્રો સાથેના સંબંધો • પ્રદૂષણ

આહાર અને પોષણ

» આહાર અને પોષણ એકબીજા સાથે સંકળાયેલી બાબતો છે.

» આહાર એટલે શરીરનું સ્વાસ્થ્ય જાળવી રાખતો અને વૃદ્ધિ કરતો ખોરાક.

» જ્યારે પોષણ એટલે જે પ્રક્રિયા દ્વારા શરીર આહારનો ઉપયોગ કરે છે તે પ્રક્રિયા.

» ચયાપચય જેવી જૈવિક ક્રિયામાં ખોરાકનો ઉપયોગ કરી શરીર શક્તિ પ્રાપ્ત કરે છે તે પોષણ ક્રિયા છે.

» શરીરનાં દરેક જૈવિક કાર્યો યોગ્ય રીતે થાય અને જરૂરી શક્તિ મળતી રહે તે માટે ઉત્તમ પોષણ આવશ્યક છે.

» આહારમાં બધાજ પ્રકારનાં પોષક ઘટકો પૂરતી માત્રામાં હોય તો તેમાથી શરીરને સારું પોષણ મળે છે.

DEMO COPY
GYAN LIVE

ખોરાકના પોષણમૂલ્ય

"ખોરાકનું પોષણ મૂલ્ય એટલે ચોક્કસ માત્રાના ખોરાકમાથી પ્રાપ્ત થતાં ગુણવત્તાસભર પોષક તત્ત્વો અને શક્તિનું પ્રમાણ."

» દૈનિક ખોરાકમાંથી વિવિધ જૈવિક કાર્યો કરવા માટે જરૂરી શક્તિ પ્રાપ્ત થાય છે.

» દરેક વ્યક્તિની શક્તિની જરૂરિયાત જુદી જુદી હોય છે. ઉંમર, જાતિ, શ્રમ, આબોહવા વગેરે જેવી બાબત પર તે આધાર રાખે છે. માટે દરેકના ખોરાકની માત્રા પણ જુદી જુદી હોય છે.

» ખોરાકમાંથી મળતી આ શક્તિ કેલરીમાં માપવામાં આવે છે. માટે તેને કેલરી શક્તિ પણ કહે છે. સામાન્ય રીતે ખોરાકનું પોષણ મૂલ્ય કિલોકેલરીમાં મપાય છે.

» બાલમંદિરે આવતાં બાળકો 3 થી 6 વર્ષનાં હોય છે. તેમની દૈનિક શક્તિની જરૂરિયાત સરેરાશ 1200 થી 1400 કિલોકેલરી હોય છે. તે મળી રહે તેવા દૈનિક આહારનું આયોજન કરવું જોઈએ.

» દરેક પ્રકારનાં પોષક ઘટકથી યુક્ત અને દૈનિક શક્તિની જરૂરિયાત પૂર્ણ કરતો પોષક આહાર બાળકનો સમતોલ શારિરીક વિકાસ કરે છે.

સમતોલ આહારનું આયોજન
(planning a balance diet)

» જે આહાર શરીરની જરૂરિયાત મુજબ યોગ્ય કેલરીયુક્ત હોય તથા દરેક પોષક ઘટકો જેમાંથી પૂરતી માત્રામાં મળતા હોય તેવા આહારને સમતોલ આહાર કહે છે. સમતોલ આહારમાં પ્રોટીન, વિટામિન, કાર્બોહાઇડ્રેટ, ચરબી, ખનીજદ્રવ્યો અને પાણી જેવાં ઘટકોનો સમાવેશ થાય છે. સમતોલ આહારના ઉપરોક્ત ઘટકોની વિસ્તૃત ચર્ચા અગાઉ ના મુદ્દામાં કરેલ છે.

સમતોલ આહારની આવશ્યકતા

» સમતોલ આહારથી બાળકનો યોગ્ય શારિરીક વિકાસ થાય છે.

» બાળકનું સારું સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે તથા રોગપ્રતીકારક શક્તિનાં વિકાસ માટે સમતોલ આહાર આવશ્યક છે.

» સમતોલ આહારથી કાર્યક્ષમતા જળવાઈ રહે છે.

» સમતોલ આહારથી શરીર સ્ફૂર્તિમાં રહે છે.

» સમતોલ આહાર ન લેવાને કારણે બાળક કુપોષણનો શિકાર થઈ શકે છે જેના કારણે આવા કૂપોષિત બાળકમાં ત્રુટીજન્ય રોગો થવાની સંભાવના વધી જાય છે.

DEMO COPY

ત્રુટીજન્ય રોગો, તેનાં કારણો અને લક્ષણો તથા અટકાવવાના ઉપાયો

"આહારમાં રહેલા પોષક ઘટકોની ઉણપથી શરીરમાં થતી તકલીફો એટલે ત્રુટીજન્ય રોગો."

કુપોષણ

→ **સમગ્ર વિશ્વમાં 3માંથી 1 વ્યક્તિને અસર કરે છે**

→ **વિવિધ આકારો અને કદમાં આવે છે**





સ્ટંટીંગ

વ્યક્તિ તેની ઉંમર પ્રમાણે ખૂબ ટૂંકી છે



સ્થૂળતા

જે વ્યક્તિનું વજન વધારે છે



બગાડ

જે વ્યક્તિ તેની ઊંચાઈના પ્રમાણમાં ખૂબ પાતળી છે

» બાળકને સમતોલ આહાર ન મળવાથી તેના શરીરમાં કોઈને કોઈ પોષક ઘટકની ઉણપ ઊભી થાય છે.

» અપૂરતો આહાર મળવાથી કે કોઈ ખાસ ઘટકની ઉણપથી બાળક અતિ ગંભીર કૂપોષિત પણ થઈ શકે છે. જેમાં ચામડી ઢીલી અને લચી ગયેલી થઈ જાય છે. બાળકનો ચહેરો મોટી ઉંમરની વ્યક્તિ જેવો થઈ જાય છે.

» બાળકના વાળ ભૂખરા થઈ જાય છે. શરીર પર સોજા ચડી જાય છે. આવાં બાળકો ઉદાસીન, સુસ્ત અને ચીડિયા થઈ જાય છે. બાળકની વૃદ્ધિ અટકી જાય છે.

» ઉપરોક્ત પરિસ્થિતિ અટકાવવા માટે બાળકને સમતોલ આહાર આપવો જરૂરી છે.



શ્વસનતંત્રને લગતા રોગો

» નાનાં બાળકોને થતાં શ્વસનતંત્રને લગતા રોગોમાં શરદી-કફ, અસ્થમા, ન્યુમોનિયા, કાન પાકવો, કાકડા, વગેરે મુખ્ય રોગો છે.

1. શરદી-કફ

» આ રોગ વિષે વિસ્તૃત ચર્ચા આપણે આ જ અગાઉના પ્રકરણમાં કરી ચૂક્યા છીએ.

2. ન્યુમોનિયા

» આપણાં દેશમાં બાળમૃત્યુના ત્રીજા કારણરૂપ આ રોગનાં બેક્ટેરિયા કે વાઈરસ શ્વાસનલિકાઓ તેમજ ફેફસામાં ચોંટી જાય છે અને આ રોગ કરે છે. શરદીમાં જણાવેલ કારણો આ રોગ માટે જવાબદાર છે.

ન્યુમોનિયા

→ કારણો

» ભારે શરદી-કફનો ચેપ ફેફસામાં લાગવાથી આ રોગ થાય છે.

» વાઈરસ કે બેક્ટેરિયાના શ્વસનતંત્રમાં ચેપ લાગવાથી.

» ફેફસાંમાં દૂધ, પાણી કે ખોરાકના કણો જવાથી.

» ટીબીના જંતુના ચેપથી.



→ લક્ષણો

» ખૂબ વધારે તાવ આવે છે.

» બાળક હાંફવા લાગે છે તથા ખૂબ નબળું પડી જાય છે.

» બાળક છાતી અને પેટમાં દુખાવાની ફરિયાદ કરે છે.

» બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડે છે.

» ખૂબ કફ સાથે ઉધરસ આવે છે.

સારવાર

» આ રોગનું નિદાન થયું હોય તો ડોક્ટર જ તેની સારવાર કરે તે હિતાવહ છે કારણ કે તાત્કાલિક સારવાર ન મળે તેવી સ્થિતિમાં બાળકનું મૃત્યુ થઈ શકે છે.

» તેમ છતાં આ રોગ થતો અટકાવવા માટે કેટલીક કાળજી લઈ શકાય. જેવી કે, શરદીવાળા દર્દીથી બાળકને દૂર રાખવું. ગળાને નુકસાન કરે તેવા અતિ ઠંડા કે ગરમ પદાર્થો ન આપવાં, ગીચ વસતી કે મેળાવડામાં નાનાં બાળકોને ન લઈ જવા તથા બાળકને બોટલથી દૂધ કદી આપવું નહી.

3. કાન પાકવો

» નાનાં બાળકોમાં શરદી થયા પછી કાન પાકવો એક સામાન્ય બાબત છે. બાળકોમાં કાન અને નાકને જોડતી નળી પ્રમાણમાં ટૂંકી અને સીધી હોવાથી ગળાનો ચેપ ઝડપથી કાન સુધી પહોંચે છે અને કાન પાકે છે.

» કાનમાં પાણી જાય કે ઠંડો પવન લાગે તો પણ કાન પાકે છે.



→ લક્ષણો

» કાનમાં દુખાવો થાય છે.

» કાનમાંથી રસી નીકળે છે.

» બાળક રડ્યા કરે છે અને રડતી વખતે હાથ કાન તરફ લઈ જાય છે.

DEMO COPY
GYAN LIVE

લક્ષણો

» બાળકનું વજન વધતું નથી અથવા ઘટતું જાય છે.

» હળવો તાવ રહે છે; ભૂખ લગતી નથી.

» ખૂબ થાક લાગે છે અને સાંજના સમયે તાવ ભરાઈ જાય છે.

» સતત શરદી કફ અને ઉધરસ રહે છે. ક્યારેક શ્વાસ પણ ચડે છે.

» બાળકને કોઈ કામમાં રસ પડતો નથી.

સારવાર

» નાનાં બાળકોને ભીડભાડ વળી જગ્યાએથી દૂર રાખવા.

» પૂરતો પોષક આહાર, શ્રમ અને આરામ આપવાથી રોગપ્રતીકારક શક્તિમાં વધારો થાય છે અને રોગ લાગુ પડતો નથી.

» દર્દીના મોં આડો રૂમાલ રાખવો જોઈએ.

» જો કોઈને ટીબી થયો હોય તો ડોક્ટરે સૂચવેલી દવાનો સંપૂર્ણ કોર્સ પૂરો કરવો જરૂરી છે.

» આ રોગથી બાળકને બચાવવા BCG ની રસી આપવી જોઈએ.



દાંતને લગતી બિમારી

→ જન્મ પછી લગભગ 5 થી 6 મહિનાની ઉંમરે બાળકને દાંત ફૂટવાની શરૂઆત થાય છે. શરૂઆતના આ દાંતને દૂધિયા દાંત કહે છે. નીચે જેવાં કારણસર દાંતમાં સડો થાય છે અથવા દાંત રોગગ્રસ્ત બને છે.

→ દાંતની અપૂરતી કાળજી કે સફાઇ

→ ચોકલેટ્સ, બિસ્કિટ, વગેરેનું વધુ પડતું સેવન

→ આઈસ્ક્રીમ, ઠંડા પીણાં, કેન્ડી વગેરે વારેવારે ખાવાથી

→ સૂતી વખતે દાંત સાફ ન કરવા

→ વિટામિન D ની ખામી અને ફ્લોરિનનું વધુ કે ઓછું પ્રમાણ.

→ વધુ પડતાં ફ્લોરાઇડ વાળા પાણીના સેવનથી

→ ઉપરોક્ત કારણસર દાંત ઘસાઈ જાય છે. નબળા પડે છે, કે તેમા સડો થઈ જાય છે. બાળકના ખોરાકમાં ધ્યાન રાખવાથી તથા દાંતની નિયમિત સફાઈ કરવામાં આવે તો દાંતની બિમારીથી બાળકને દૂર રાખી શકાય છે.

DEMO COPY



રસીકરણ

પહેલાં વર્ષે (0 થી 12 મહિના)

→ **જન્મ સમયે**
- બી.સી.જી. ,
- પોલિયો-0
- હિપેટાઈટિસ-બી

→ **6ઠ્ઠા અઠવાડિયે**
- પોલિયો
- એફ.આઇ.પી.વી.-1
- પેન્ટાવેલન્ટ-1

→ **10મા અઠવાડિયે**
- પોલિયો-2
- પેન્ટાવેલન્ટ-2

→ **14મા અઠવાડિયે**
- પોલિયો-3
- પુન્ટાવેલન્ટ-3
- એફ.આઇ.પી.વી.-1
- એફ.આઇ.પી.વી.-2

→ **9 મા મહિને**
- ઓરી-1
- ઓરી રૂબેલા -1
- વિટામિન-A



બીજું વર્ષ (16 થી 24 મહિના)

→ **16 થી 24 મહિને**
- ત્રિગુણી - બૂસ્ટર
- પોલિયો - બૂસ્ટર
- ઓરી – બીજો ડોઝ
- વિટામિન- A

→ **24 મહિને વિટામિન**
- વિટામિન- B



ત્રીજાથી પાંચમું વર્ષ (24 થી 60 મહિના)





ગર્ભાવસ્થા | પહેલું વર્ષ | બીજું વર્ષ | પ્રથમ 1000 દિવસ



270 દિવસ | 365 દિવસ | 365 દિવસ | 1000 દિવસ

IYCN

I-Infant **Y-young** **C-Child** **N-Nutrition**

- IYCN વિશે સમજવા માટે બાળકના જીવનનાં 1000 દિવસનું મહત્ત્વ સમજવું ખૂબ જ જરૂરી છે. આમાં બાળકની સાથે સગર્ભા માતા અને ધાત્રી માતાના પોષણનો પણ સમાવેશ થાય છે.
- 1000 દિવસ
- માતા ગર્ભધારણ કરે તે પહેલાં દિવસથી શરૂ કરીને બાળકનો બીજો જન્મ દિવસ આવે ત્યાં સુધીનો સમયગાળો 1000 દિવસનો છે.

	દિવસ
માતાના ગર્ભમાં નવ મહિના	270
પ્રથમ વર્ષના બાળકનાં	365
બીજા વર્ષનાં બાળકનાં	365
કુલ દિવસો	1000

- આમ પ્રથમ 1000 દિવસમાં માતા અને બાળકનાં પોષણની કાળજી રાખવાની છે.
- પ્રથમ 1000 દિવસમાં પોષણ ખૂબ મહત્વનું છે. કારણકે આ દિવસોમાં જ બાળકના મગજનો વિકાસ 75% થાય છે. ઊંચાઈ 50% અને વજન 20% પ્રાપ્ત થાય છે.
- આ 1000 દિવસ દરમ્યાન જો યોગ્ય પોષણ ના મળે તો સૌથી વધારે મગજની વૃદ્ધિ પછી ઊંચાઈ અને છેલ્લે વજનને અસર કરશે.

I.Y.C.N. માટેની ભલામણો

- બાળકનો જન્મ થાય પછી પાંચ મિનિટમાં જ માતાએ બાળકને પોતાની છાતી સાથે વળગાડી દેવાનું જેથી બાળકની ચામડી સાથે માતાની ચામડીનો સ્પર્શ થશે.
- આ પ્રથમ સ્પર્શથી બાળક 1 કલાકની અંદર સ્તનપાન શરૂ કરી શકશે. પ્રથમ સ્તનપાન બાળક શરૂ કરે ત્યાં સુધી આવો માતા બાળકની ચામડીનો સ્પર્શ અગત્યનો છે.
- જન્મથી બાળક છ માસનું થાય ત્યાં સુધી ફક્ત અને ફક્ત સ્તનપાન જ કરાવવાનું છે પાણી પણ આપવાનું ન જ નથી.
- પાણી પણ આપવાનું નથી સાથે સાથે ગ્રાઈપ વોટર, જન્મઘુંટી, બદામનો ઘસારો, દવાઓ, વીટામીન સી કે અન્ય કોઈ જ વસ્તુઓ આપવાની નથી.
- બાળક છ માસ પૂર્ણ કરી સાતમા મહિનામાં પ્રવેશ કરે એ દિવસથી ઉપરી આહાર શરૂ કરી દેવાનો છે. અને આ આહાર ઘરનો બનાવેલો તાજો અને નરમ હોવો જોઈએ.
- બાળક માટે ઉપરી આહાર બનાવતી વખતે સ્વચ્છતાની ખાસ કાળજી રાખવાની છે. તેમજ પૂરતા પ્રમાણમાં બનાવવાનો છે.
- ઉપરી આહાર શરૂ કરવાની સાથે બાળકને સ્તનપાન કરાવવાનું ચાલું જ રાખવાનું છે અને બે વર્ષ સુધી સ્તનપાન કરાવવાની ખાસ ભલામણ છે.
- માતા જ્યારે બાળાકને સ્તનપાન કરાવે ત્યારે તેની સાથે મીઠી -પ્રેમાળ વાતો-કરતા રહેવાનુ છે જેનાં કારણે બાળકોનો માનસિક વિકાસ ખૂબ સારો થાય.
- માતાએ બાળકને સ્તનપાન કરાવતી વખતે પોતાનું ધ્યાન, મન બાળકમાં જ રાખવું જોઈએ. T.V.નાં મોટા અવાજથી, દ્રશ્યથી દૂર બેસવું અને મોબાઈલ તો આ સમયે હાથમાં લેવાનો નથી એ ખાસ ધ્યાન રાખવું.

DEMO COPY

પોષણ સુધા યોજના



યોજનાનો હેતુ

» રાજ્યના 14 આદિજાતિ જિલ્લાના 106 આદિજાતિ આઇ. સી.ડી, એસ. ઘટકોમાં તમામ સગર્ભા અને ધાત્રી માતાઓમાં પોષણ સ્થિત અને પ્રસૂતિના પરિણામોમાં સુધારો સાથે પાંડુરોગનાં પ્રમાણમાં ઘટાડો લાવવાનો છે.

→ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીની પાત્રતા

» 106 આદિજાતિ આઇ.સી.ડી.એસ ઘટકોના આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓ (6 માસ સુધીના બાળકની માતા)

→ યોજના હેઠળ મળવાપાત્ર લાભ

» રોજ એક વખત સંપૂર્ણ ભોજન + IFA & Calcium tablet સાથે આરોગ્ય અને પોષણ વિષય ઉપર સમજ આપવામાં આવે છે.

» રાજ્ય સરકારમાં મહિલા બાળવિકાસ વિભાગ દ્વારા આ યોજના ચાલે છે.

યોજના કેન્દ્ર પુરસ્કૃત છે કે રાજ્ય પુરસ્કૃત ?

» રાજ્ય પુરસ્કૃત યોજના

માતા યશોદા ગૌરવ નિધિ

યોજનાનો હેતુ

» આંગણવાડી કાર્યકરો તથા તેડાગર બહેનોનો વીમા કવચ પૂરું પાડવું.

યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીની પાત્રતા

» તમામ આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનો



યોજના હેઠળ મળવાપાત્ર લાભ

» રૂ. 50 નો ફાળો રાજ્ય સરકાર અને બાકીના રૂ. 50નો ફાળો વીમા પોલીસી ધારક આંગણવાડી કાર્યકર તેડાગર બહેનોએ ચૂકવવાનો રહે છે. આમ માસિક રૂ. 100ના પ્રિમિયમ પૈકી રૂ. 17ની રકમ વીમા પેટે તથા બાકી રહેતી રૂ. 83ની રકમ વીમા ધારકની બચત તરીકે જમા થાય છે. વીમા ધારક વય નિવૃત્ત થાય ત્યારે તેના ખાતે તેની થયેલ બચત રકમ વ્યાજ સહિત મળવાપાત્ર થાય છે. જો વીમા ધારક વય નિવૃત્તિ પહેલાં અવસાન પામે તો રૂ. 50,000 અને બચત રકમ વ્યાજ સહિત આપવામાં આવે છે.

» રાજ્ય સરકારમાં મહિલા બાળવિકાસ વિભાગ દ્વારા આ યોજના ચાલે છે.

યોજના કેન્દ્ર પુરસ્કૃત છે કે રાજ્ય પુરસ્કૃત ?

» કેન્દ્ર પુરસ્કૃત

સખી નિવાસ

યોજનાનો હેતુ

» કામ કરતી મહિલાઓ માટે સલામત અને સુવિધાજનક રીતે સ્થિત આવાસની ઉપલબ્ધતાને પ્રોત્સાહન આપવાનો છે.

યોજના કેન્દ્ર પુરસ્કૃત છે કે રાજ્ય પુરસ્કૃત ?

» 60 : 40 (કેન્દ્ર : રાજ્ય)

→ યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પૂરાવા

» નોકરી કરતાં હોય તેનું પ્રમાણપત્ર અથવા પગાર સ્લીપ, અથવા જ્યાં ઉચ્ચ અભ્યાસ કરતાં હોય ત્યાંનો દાખલો

» રાજ્ય સરકારમાં મહિલા બાળવિકાસ વિભાગ દ્વારા આ યોજના ચાલે છે.

→ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીની પાત્રતા

» સખી નિવાસની સુવિધા કોઈપણ કામ કરતી મહિલાઓ, જેઓ એકલા, વિધવા, છૂટાછેડા લીધેલ, અલગ થઈ ગયેલી અથવા પરિણીત, નોકરી માટેની તાલીમ હેઠળની મહિલાઓ અને શારિરીક વિકલાંગતા ધરાવતી મહિલાઓ મેળવી શકે છે.

→ યોજના હેઠળ મળવાપાત્ર લાભ

» કામ કરતી મહિલાઓ માટે સુરક્ષિત આવાસ તેમજ તેમની સાથે 18 વર્ષ સુધીની છોકરીઓ અને 12 વર્ષની વય સુધીના છોકરાઓને ડે કેર સેન્ટરમાં રહેવાની સગવડ આપવામાં આવશે.

DEMO COPY
GYAN LIVE

માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના

યોજનાનો હેતુ

» અનુસૂચિત જાતિમાં લગ્ન પ્રસંગે થતાં ખોટા ખર્ચ અને રીતરિવાજો અટકાવવા માટે

→ યોજના કેન્દ્ર પુરસ્કૃત છે કે રાજ્ય પુરસ્કૃત ?

» રાજ્ય પુરસ્કૃત

→ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીની પાત્રતા

» આ યોજનાનો લાભ લેનાર યુગલ, લગ્ન માટેની નિયત વય ધરાવતાં હોવા જોઈએ.

» ઓછામાં ઓછા 10 યુગલના સમૂહલગ્ન થવા જોઈએ.

→ યોજના હેઠળ મળવાપાત્ર લાભ

» આ યોજના હેઠળ ઓછામાં ઓછા 10 યુગલોના સમૂહલગ્નમાં યુગલદીઠ સમૂહલગ્ન વખતે જ રૂ. 12,000/- (બાર હજાર પૂરાં) ચેકથી કન્યાના નામે ચૂકવવામાં આવે છે. સમૂહ લગ્નનું આયોજન કરવા માટે આયોજક સંસ્થાને યુગલદીઠ રૂ. 3000 લેખે પ્રોત્સાહક રકમ વધુમાં વધુ રૂ. 75,000/-ની મર્યાદામાં મંજૂર કરવામાં આવે છે.

→ યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પૂરાવા

» લગ્નની કંકોત્રી

» સમૂહ લગ્નના આયોજકોએ આપવાનું થતું પ્રમાણપત્ર

» કન્યાના પિતાનો આવકનો દાખલો. (સક્ષમ અધિકારીનો)

» યુવક/યુવતીના શાળા છોડ્યાના પ્રમાણપત્રો/જન્મ નોંધણીનો દાખલો/ ઉંમરનાં પૂરાવા/સરકારી તબીબી પ્રમાણપત્ર. (કોઈપણ એક પૂરાવો)

» જાતિનો દાખલો

» રાજ્ય સરકારમાં નાયબ નિયામકશ્રીની કચેરી, અનુસૂચિત જાતિકલ્યાણ વિભાગ દ્વારા આ યોજના ચાલે છે.

મહાત્મા ગાંધી એવોર્ડ



યોજનાનો હેતુ

» પૂ. મહાત્મા ગાંધીજીના આદર્શો અને મૂલ્યોને તથા ગાંધીવાદી વિચારસરણી દ્વારા અનુસૂચિત જાતિ સમેત પછાતવર્ગોના વિકાસ માટે મહત્ત્વનું યોગદાન આપનાર અને અનુસૂચિત જાતિ માટે કામ કરતી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ કે ગુજરાત સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધાયેલ મંડળ, સંસ્થાને રાજ્ય સરકાર તરફથી મહાત્મા ગાંધી એવોર્ડ આપવામાં આવશે.

→ યોજના કેન્દ્ર પુરસ્કૃત છે કે રાજ્ય પુરસ્કૃત ?

» રાજ્ય પુરસ્કૃત

→ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીની પાત્રતા

1. એવોર્ડ સંસ્થાને આપવામાં આવશે.
